11 દિવસ બાકી મતદાન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૬૬ | ૬ ડિસેમ્બર, ૨૦૧૨, ગુરૂવાર; કારતક વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

Cosmos Group is a Multifaceted Company
ISO 9001- 2008

**We Need:-**

1. **Marketing Executives :** Graduate having own vehicle & computer Knowledge.
2. **Placement Officer :** Graduate/under graduate male/female with good command over English & computer Knowledge.
3. **Spray Painter :** 2 year Experience
4. **Welder - MIG / TIG / ARC :**
5. **Field officer :** Experience in service industry & having own vehicle
6. **Computer operator :** Experience in service industry & good knowledge in computer - Age 30 to 35 yrs.
7. **Marketing engineer :** Dip/B.E -Electrical/electronics with excellent communication skill
8. **P.A to Director :** Having min-1 yrs exp. Young smart female. Good command over English & computer skills.
9. **Accountant Asst. :** Knowledge of Tally necessary
10. **Garden Designer :** Knowledge in AutoCAD
11. **Production Engineer : Fresh Diploma EC**

**COSMOS MANPOWER PVT. LTD.**
Plot No. B-183/184, Nr. Madhur Dairy, Sector-25, Gandhinagar.
079-23288833 / 9979888479

# જિલ્લામાં છેલ્લી પાંચ ચૂંટણીઓમાં ભાજપ-કોંગ્રેસના મતનાં પલ્લાં સરખાં

## છેલ્લી પાંચ ચૂંટણીઓમાં ભાજપને ૩૯.૬૪ ટકા સરેરાશ મત મળ્યા છે જ્યારે કોંગ્રેસને ૩૯.૫૯ ટકા મત મળ્યા છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના મત મેળવવાના પલ્લાં લગભગ સરખા રહેવા પામ્યા છે.

વિધાનસભાની છેલ્લી પાંચ ચૂંટણીઓમાં જોઈએ તો ભાજપને ૩૯.૬૪ ટકા સરેરાશ મત મળ્યા છે જ્યારે કોંગ્રેસને ૩૯.૪૯ ટકા મત મળ્યા છે.

જિલ્લામાં નવા સીમાંકન પ્રમાણે પ્રથમ વાર ચૂંટણીઓ યોજાઈ રહી છે ત્યારે આ રસપ્રદ તારણ જળવાઈ રહેશે કે નવા રાજકીય સમીકરણો બનશે તે તો પરિણામો જાહેર થયેથી જ ખ્યાલ આવશે.

જિલ્લામાં ભાજપે સૌથી વધુ સરેરાશ મતો કલોલ બેઠક પર મેળવ્યા છે. જ્યારે સૌથી ઓછા સરેરાશ મતો માણસા બેઠક પર મેળવ્યા છે. ચાર બેઠકો જિલ્લાની હતી ત્યારે ભાજપને છેલ્લી ચાર ચૂંટણીમાં દહેગામ બેઠક પર ૪૧.૫૬ ટકા, કલોલ બેઠક પર ૪૩ ટકા, માણસામાં ૩૬.૦૬ ટકા અને ગાંધીનગર બેઠક પર ૩૭.૯૭ ટકા મતો મેળવ્યા છે.

કોંગ્રેસ પક્ષે છેલ્લી પાંચ સામાન્ય ચૂંટણીમાં સૌથી વધુ કલોલ બેઠક પર સરેરાશ મત મેળવ્યા છે. કલોલ બેઠક પર ૪૧.૨૪ ટકા, દહેગામમાં ૩૭.૬૦ ટકા, માણસામાં ૩૯.૪૮ ટકા અને ગાંધીનગરમાં ૩૯.૫૭ ટકા મત મેળવ્યા છે.

જિલ્લામાં નવા સીમાંકનમાં પાંચ બેઠક થઈ છે. જેમાં ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ) એમ નવી બેઠક બની છે તો કલોલ અને માણસાની બેઠકના ભૌગોલિક વિસ્તારમાં ફેરફાર થયો છે. ત્યારે નવી ચૂંટણીમાં મત મેળવવા પક્ષો દ્વારા પ્રયત્નો શરૂ કરી દેવાયા છે. આ વેળાએ જિલ્લામાં પાંચ બેઠકો માટે ૪૩ મેદવારો જંગમાં છે.







## સંવેદનશીલ મતદાન મથકોનું વેબકાસ્ટ કરાશે

ગાંધીનગર, તા. ૫

રાજ્યમાં સંવેદનશીલ મતદાન મથકોમાં ચાલતી મતદાનની પ્રક્રિયાનું વેબકાસ્ટ કરી તેનું મોનીટરીંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે કેટલા મતદાન મથકોનું મોનીટરીંગ થશે તે અંગે કંઈપણ કહેવાનો ઈન્કાર મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનીતા કરવાલે કર્યો હતો.

આજે ગાંધીનગર ખાતે પત્રકારોને ચૂંટણીની તૈયારીઓ અંગેની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે પંચે રાજ્યમાં નિર્ભય રીતે મતદાતા મતદાન કરી શકે તે માટે કટીબદ્ધ છે.

તેમણે જણાવ્યું હતું કે તંત્ર દ્વારા ચૂંટણીના મતદાન અંગેની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. પ્રથમ તબક્કાની ચૂંટણી માટેની તૈયારીઓ તો તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

શ્રીમતિ કરવાલે જણાવ્યુ હતુ કે મતદાન વધુ ને વધુ થાય તે માટે અનેકવિધ પગલાંઓ ચૂંટણીપંચે લીધા છે. આ વેળાએ ચૂંટણીમાં મતદારોને મતદાન સ્લીપ પણ વિતરણ કરવામાં આવનાર છે.

પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૮મી ડિસેમ્બરથી મતદાર સ્લીપનું વિતરણ શરૂ કરાશે અને ૧૦ ડિસેમ્બર સુધીમાં તે પૂર્ણ કરી દેવાશે. મતદાન મથકો પર પણ મતદારની સહાયતા માટે ખાસ હેલ્થડેસ્ક મુકવામાં આવશે.

બીજા તબક્કાની ચૂંટણી માટે પણ મતદાર સ્લીપો તૈયાર કરવામાં આવી રહી છે.

આ મતદાર સ્લીપમાં મતદાન મથકનું સરનામુ, મતદારનો ફોટો નામ સહિતની વિગતો સમાવવામાં આવી છે. મતદાર સ્લીપ, એપિક કાર્ડ અથવા તો અન્ય ૧૫ જેટલા પુરાવાઓ પૈકી એક પણ પુરાવો રજુ કરી મતદાન કરી શકાશે.

